## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ સર્વભયનિવારિણે નમ: || (૨૫)

## ભક્તોના સર્વ ભય દૂર કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબા કહે છે – "હું અહીંયાં હોઉં પછી ભય અને ચિંતા શાના?". આનો અર્થ એવો કે ભક્ત કયાંય હોય, તો પણ સ્વામી પોતાની સાથે છે એવી ભાવના જ્યારે તેના મનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેના મનનો ભય દૂર થાય છે. ભક્ત પાસે જો શુદ્ધ ભક્તિ હશે, તો ભક્ત ભયમુક્ત થાય છે કારણ કે ભક્તિ અને ભય સાથે રહી શક્તા નથી. આપણું મન જે નિર્મળ હશે તો તેમાં સાઈનો વાસ હોય છે અને જ્યાં સાઈનો વાસ હોય, ત્યાં ભય કેવી રીતે હોઈ શકે ?

શિરડી અવતારમાં સાઈનાથ કહેતા –

એકાગ્ર નેત્રે જો તું જોઈશ મને ।

હું કૃપા દૃષ્ટિથી જોઈશ તને ||

આનો અર્થ જ્યારે જ્યારે તું મારી તરફ જોઈશ ત્યારે ત્યારે તને એવું જણાશે કે મારું ધ્યાન તારી તરફ જ છે. આમાં જોવાનો અર્થ એવો છે કે, જો તું એકાગ્રતાથી હું જે ઉપદેશ કરું છું, તે સાંભળીને તેનું પાલન કરીશ, તો મારી કૃપાને પાત્ર થઈશ અને મારી કૃપાનું વરદાન જેને મળ્યું છે તેને ભય, ચિંતા ક્યારેય સતાવશે નહીં.

સાઈનાથના શિરડી અવતારમાં ભય નિવારણની આ એક કથા.

શિરડીમાં કાશીરામ નામનો એક દરજી હતો. સાઈનાથ ઉપર તેમની અત્યંત શ્રદ્ધા અને પ્રેમ હતો. આ પ્રેમ ખાતર જ તેણે હંમેશાં ભગવી (ભગવા રંગની) અને સફેદ રંગની કફની પહેરવાવાળા સાઈને લીલા રંગની કફની અને ટોપી સીવી આપી હતી. સાઈનાથે તેના ઉપરના પ્રેમને લીધે તે વાપરી હતી. આ સિવાય દરરોજ શ્રી સાઈને દક્ષિણા આપવામાં કાશીરામને અત્યંત આનંદ થતો હતો.

આ કાશીરામ કામ નિમિત્તે અલગ અલગ ગામમાં જતો રહેતો હતો. આ જ રીતે એકવાર નાઉર નામના ગામથી શિરડી પાછા આવતી વખતે કેટલાક લુંટારુ મળી ગયા. ઘોડા ઉપર બેઠેલા કાશીરામને લુંટારાઓએ ઘેરી લીધા અને તેના પર હુમલો કરીને બધો સામાન લુંટી લીધો. તેવખતે કાશીરામે કોઇ પ્રતિકાર કર્યો નહીં પરંતુ જ્યારે તેમણે તેની પાસેની નાની પોટલીને હાથ લગાવ્યો

ત્યારે તેણે લુંટારુઓનો પ્રતિકાર કરવા શરૂઆત કરી. પોટલીમાં એવું તે શું હતું? પૂર્વે (પહેલા) એકવાર જાનકીદાસબાબા નામના સંતપુરુષે કીડીઓને હંમેશા સાકર ખવડાવજે એવો ઉપદેશ કર્યો હતો, ત્યારથી કાશીરામ હંમેશાં સાકર પોતાની સાથે રાખતો હતો અને તે જ સાકર આ પોટલીમાં હતી. આ સાકર લુંટારુ લઈ ન જય એટલે કાશીરામે આ લુંટારુઓમાંના એકના હાથમાંથી તલવાર લઈને તેમના પર હુમલો કર્યો. આ હુમલામાં બે લુંટારુ યમસદન પહોંચ્યા. પરંતુ એકે પાછળથી તેના પર કુહાડીનો વાર કર્યો અને કાશીરામ ઘોડા પરથી નીચે પડતા જ તે મૃત થયો એમ સમજીને લુંટારૂઓ નાસી ગયા. આ બધું થતા વખતે સાઈનાથ સદૈવ આપણી સાથે છે, એવી ભાવના હોવાથી કાશીરામ નિર્ભય હતો.

થોડીવાર પછી ત્યાંથી જવાવાળા વટેમાર્ગુએ બેહોશ થયેલા કાશીરામને હોશમાં લાવીને દવાખાને લઈ જવાની તૈયારી કરી. પરંતુ કાશીરામે તે નકારી અને મને શિરડી લઈ જાવ, એવી વિનંતી કરી. તે પ્રમાણે કાશીરામને શિરડી લઈ જવામાં આવ્યા. સાઈનાથે માધવરાવ દેશપાંડે દ્વારા તેનો ઉપચાર કરાવી લીધો અને તેની પ્રકૃતિ ફરી પૂર્વવત્ થઈ.

જે વખતે કાશીરામ ઉપર હુમલો થયો, તે વખતે શિરડીમાં શું થયું ખબર છે? દ્વારકામાઈમાં બેઠેલાં સાઈનાથે અચાનક આક્રંદ શરુ કર્યું. અત્યંત ક્ષોભ કર્યો. ત્યારે પાસે બેઠેલાઓએ એવો તર્ક કર્યો કે સાઈબાબા કોઈના પરનું અનિષ્ટ દૂર કરે છે, અને તેવું જ થયું. કેવળ સાઈનાથ ઉપરની શ્રદ્ધાથી એકલા હોવાવાળા થોડા કાશીરામે દિવસ નિર્ભયતાથી અનેક લૂટારુઓ સાથે લડાઈ કરી., એટલું જ નહીં, પણ થોડા દિવસ પછી સરકારે કાશીરામનું સનન્માન કર્યું.

સાંપ્રતના પર્તિ અવતારમાં પણ એવા અનેક ઉદાહરણ આપણને ખબર છે, કે આવા મુશ્કેલ પ્રસંગમાં,સંકટ કાળે, કેવળ સ્વામી ઉપરની શ્રદ્ધા વડે ભય ઉપર માત કરીને ભક્તોએ પોતાનો બેડો પાર કર્યો છે.

એક નાનો પ્રસંગ. એક ગામમાં ખૂણામાંના એક ઘરમાં રાત્રી સમયે કેટલાક ચોર ચોરી કરવાના ઉદેશથી ઘરમાં ઘૂસ્યા. તે વખતે ઘરમાં ફક્ત એક વૃદ્ધ વ્યક્તિ હતા. પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં લેતા તે સ્વામીના ફોટોની સામે ઊભા રહીને સ્વામી, સ્વામી એમ જોર જોરથી પોકારવા લાગ્યા ચોકકસ શું થયું ખબર નહીં પણ ચોર જેમ આવ્યા તેમ જતા રહ્યા. કદાચ તેમને ઘરમાં કોઈ છે. એમ લાગ્યું હશે. અથવા અન્ય કોઈ કારણ હશે, પણ ચોરે તેમની દિશા બદલી અને તે ત્યાંથી નીકળી ગયા. અને તે વૃદ્ધ વ્યક્તિ ભયમુકત થયા.

સ્વામી કહે છે. " પ્રત્યેક વ્યક્તિ ત્રણ વાતો જો પાળશે. તો તે મારી સાથે એકરૂપ થઈ જશે. આ ત્રણ વાત એટલે મારામાં અને મારી આસપાસ હોવાવાળી શુચિતા (શુદ્ધતા) (PURITY), સહનશીલતા

(PATIENCE), અને લગન (PERSE- VERANCE) આ ત્રણ સદગુણ. આ ત્રણે સદગુણ જેનામાં હશે, તેઓ કોઈપણ અને ક્યાંય પણ હશે તો પણ નિર્ભય રહશે."

|| ॐ श्री સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||